5G 09.30 AM

NSDL
Technology, Trust & Reach

**ટોલ ફ્રી નંબર 1800 222 990**

# થાપણ મુકનારા લોકો માટે પ્રુડેન્ટ્સની માર્ગદર્શિકા

ચતુર બનો

હોંશિયાર બનો

**ડિમેટ એકદમ સરળ**

NSDL
Technology, Trust & Reach

## અનુક્રમણિકા


### A. આપણે પાયાની બાબતોથી શરૂ કરીએ 2

1. કેપિટલ માર્કેટ શું છે?
2. સિક્યોરિટી શું છે? પ્રાઇમરી અને સેકન્ડરી માર્કેટ્સનો અર્થ શું છે?
3. કેપિટલ માર્કેટમાં NSDLની ભૂમિકા શું છે?
4. NSDL ડિમેટ એકાઉન્ટ કેવી રીતે ખોલાવવું?
5. તમે તમારા NSDL ડિમેટ એકાઉન્ટથી શું કરી શકો છો?

### B. NSDL ડિમેટ એકાઉન્ટ સાથે પ્રાપ્ત થતી સવલતો 5

1.NSDL સ્પીડ-ઇ-સર્વિસ
2.NSDL મોબાઇલ એપ અને IDeAS સર્વિસ
3.NSDL કન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટ (CAS)
4.NSDL ઇ-વોટિંગ સર્વિસ

### C.પ્રુડેન્ટ રોકાણકાર હોવું 7

1.સુનિશ્ચિત કરો કે તમે એક પ્રુડેન્ટ રોકાણકાર છો.
2.તમારા ડિમેટ એકાઉન્ટની સંભાળ લઇએ છીએ

### D.વધુ માહિતી 9

1.IEPF પાસેથી પ્રાપ્ત નહીં થયેલા ડિવિડન્ડ/શેર્સના રિફન્ડ માટે દાવો કરવો
2.સિક્યોરિટીસની ટ્રાન્સફર માટે ડિમેટ ફરજીયાત
3.અનલિસ્ટેડ પબ્લિક કંપનીઓ માટે ડિમેટ ફરજીયાત
4.રોકાણકાર જાગૃતિ કાર્યક્રમો
5.ફરિયાદ નિવારણ
6.અન્ય ઉપયોગી સેવાઓ


**આ પ્રકાશન NSDL ઇન્વેસ્ટર પ્રોટેક્શન ફન્ડ ટ્રસ્ટનું એક પગલું છે.**

પ્રિય વાચક,

NSDL માં રસ દર્શાવવા બદલ આપનો આભાર.
NSDL ખાતે, અમે માનીએ છીએ કે દરેક ભારતીય પ્રુડેન્ટ રોકાણકાર બનવા જોઇએ નહીં કે માત્ર એક રોકાણકાર. આ પુસ્તિકાને વાંચવાના તમારા નિર્ણયની અમે પ્રશંસા કરીએ છીએ અને અમને વિશ્વાસ છે કે તમને અહીં ઉપલબ્ધ કરાવાયેલી માહિતીનો ફાયદો થશે. આ પુસ્તિકામાં અપાયેલી માહિતી તમને 'પ્રુડેન્ટ રોકાણકાર' બનવાની દિશામાં પગલું ભરવામાં મદદ કરશે.
NSDL ના ટૂંકા પરિચય ઉપરાંત, અમે વિભિન્ન સેવાઓનો સારાંશ રજૂ કર્યો છે જે, તમે એકવાર NSDL ડિમેટ એકાઉન્ટ ખોલાવો ત્યારબાદ અમે તમને પૂરી પાડીશું. જો તમને વધારે માહિતીની અથવા તો વધારે સ્પષ્ટતાની જરૂર હોય તો, ખુશીથી અમારો સંપર્ક કરો.
સાદર

ટીમ NSDL

# 1. આપણે પાયાની બાબતોથી શરૂ કરીએ

## 1) કેપિટલ માર્કેટ શું છે?

સરળ શબ્દોમાં કહીએ તો કેપિટલ માર્કેટએ મૂડી અથવા ફન્ડ માટેનું બજાર છે, જ્યાં તેવા લોકો જેમને તેમના ધંધા-વ્યવસાયના હેતું માટે ફંન્ડની જરૂર હોય છે તેઓ તેવા લોકોને શોધે છે જેઓ તેમને ફન્ડ ઉપલબ્ધ કરાવવા માટે ઇચ્છુક હોય. બીજા શબ્દોમાં કહીએ તો કેપિટલ માર્કેટ (મૂડી બજાર) એ એવું બજાર છે જ્યાં વ્યક્તિ વિવિધ પ્રકારના નાણાકીય સાધનોનું ખરીદ-વેચાણ કરી શકે છે. તે નિયામક (SEBI), સ્ટોક એક્સચેન્જ (NSE/BSE વગેરે), થાપણ મુકનારા (NSDL/CDSL) અને અન્ય મધ્યસ્થીઓ જેવા કે સ્ટોક બ્રોકર્સ, DP, કસ્ટોડિયન, મર્ચન્ટ બેન્કર્સ વગેરે સાથેનું હોય છે.

## 2) સિક્યોરિટી શું છે? પ્રાઇમરી અને સેકન્ડરી માર્કેટનો અર્થ શું થાય છે?

સિક્યોરિટીસએ વિવિધ પ્રકારના નાણાકીય સાધનો છે જેનો કેપિટલ માર્કેટમાં વેપાર થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ એવા સાધનો છે જેની મારફત ફન્ડ સપ્લાયરો દ્વારા ફન્ડ મેળવવા ઇચ્છતા લોકોને ફન્ડ ઓફર કરવામાં આવે છે. આપણે તેને સમજવા માટે એક દૃષ્ટાંત જોઇએ.. શ્રીમાન A એક જાણીતા ઉદ્યોગસાહસિક છે અને તેઓ ABC લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર છે. તેઓ ABC લિમિટેડના નામે એક સિમેન્ટ પ્લાન્ટ શરૂ કરવા માગે છે. તેના માટે તેમને ખુબ જ મોટા પ્રમાણમાં નાણા (કેપિટલ)ની જરૂર છે, જે રકમ તેઓ અથવા ABC લિમિટેડ એકઠાં કરવા સમર્થ નથી. તેથી, તે ફન્ડના બદલામાં તેના ઇક્વિટી શેર્સ આપવાનો પ્રસ્તાવ આપીને કેપિટલ માર્કેટમાં પ્રવેશ કરે છે. આમ, તે ઇનિશિયલ પબ્લિક ઓફર અથવા તો IPO (ઇનિશિયલ (પ્રારંભિક) કારણ કે ABC લિમિટેડ પ્રથમ વાર જાહેર જનતા પાસેથી ફન્ડ ઇચ્છી રહી છે.) જનતા સહમત થયેલી કિંમત ચુકવીને તેના શેર્સ ખરીદવા માટે અરજી કરી શકે છે. સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ, કંપનીને તેના બેન્ક ખાતામાં ફન્ડ મેળવે છે અને તે અરજદારને શેર્સ ફાળવે છે, અને તેમ કરીને તેમને કંપનીના શેરધારક બનાવે છે.

અહીં ઉપર વર્ણવવામાં આવેલા શેર, એ એક પ્રકારની સિક્યોરિટી છે. અન્ય ઉદાહરણો જોઇએ તો તેમાં- ડિબેન્ચર્સ, બોન્ડ્સ, મ્યુચ્યુઅલ ફન્ડ યુનીટ્સ, કોમર્શિયલ પેપર્સ, સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ, સરકારી સિક્યોરિટીસ વગેરેનો સમાવેશ થાય છે.

ફાળવણીકર્તા (ઇશ્યુઅર) દ્વારા શેર્સ અથવા સિક્યોરિટીની ફાળવણી કરવાની બાબત 'પ્રાઇમરી માર્કેટ' કહેવામાં આવે છે. સ્ટોક એક્સચેન્જ, જે પહેલાંથી જ ઇશ્યુ કરવામાં આવેલા અને વેપાર થયેલી સિક્યોરિટીસના વેપાર (ખરીદ-વેચ) માટેનું બજાર છે, તેને 'સેકન્ડરી માર્કેટ' કહેવામાં આવે છે.

કોઇપણ શેરધારક પોતાના શેર્સને SEBIમાં રજિસ્ટર્ડ સ્ટોક બ્રોકર (શેર દલાલ) મારફત BSE અથવા NSE જેવા એક્સચેન્જ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલા પ્લેટફોર્મ્સ પર વેચી શકે છે. આ શેરને કોઇપણ વ્યક્તિ પોતાના શેર દલાલ મારફત સહમત થયેલી રકમની ચુકવણી કરીને ખરીદી શકે છે.

### 3) કેપિટલ માર્કેટમાં NSDLની શું ભૂમિકા છે?

૧૯૯૬માં સ્થાપિત NSDL,એ આજે વિશ્વમાં સૌથી મોટી જિપોઝિટરી (થાપણકર્તાઓ) પૈકીની એક છે. ડિપોઝિટરી તરીકે, તે શેર્સના હોલ્ડિંગ અને અન્ય પ્રકારની સિક્યોરિટીસને ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં રાખવા સમર્થ બનાવે છે જેમ કે ડિમેટરિયલાઇઝ્ડ સ્વરૂપ. ડિમેટ એકાઉન્ટ રાખીને, કોઇ વ્યક્તિ પોતાની સિક્યોરિટીસને ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં રાખી શકે છે અને સાથે જ તે/તેણી પોતાના ડિમેટ એકાઉન્ટમાંથી કોઇપણ સિક્યોરિટીને અન્ય ડિમેટ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી શકે છે.

ભારતીય કેપિટલ માર્કેટમાં NSDLએ આપેલા પ્રદાને તેને વિશ્વમાં એક કરતાં વધું મોર્ચે અગ્રણી કેપિટલ માર્કેટ બનાવ્યું છે. વિભિન્ન પ્રકારની સેવાઓ અને પ્રોડક્ટ્સ માટે સ્વદેશી નિર્મિત ટેક્નોલોજીને સ્વીકારીને અને દેશમાં પોતાની સર્વોપરી પહોંચ સાથે, N S D L એ રોકાણકારો અને અન્ય મધ્યસ્થીઓનો વિશ્વાસ જીત્યો છે, અને આમ તે પોતાની ટેગ લાઇન –ટેક્નોલોજી, વિશ્વાસ અને પહોંચને ચરિતાર્થ કરે છે.

NSDL રોકાણકારો, સ્ટોક બ્રોકર્સ, સ્ટોક એક્સચેન્જીસ, કસ્ટોડિયન વગેરેને પોતાના ૨૭૮ કરતા પણ વધારે DP (ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ) મારફત અઢળક સેવાઓ ઉપલબ્ધ કરાવે છે. ઘણી મોટી બેન્કો (રાષ્ટ્રીયકૃત અને ખાનગી તેમજ સહકારી), સ્ટોક બ્રોકર્સ અને નાણાકીય સંસ્થાનો NSDLસાથે DP તરીકે જોડાયા છે. NSDLDP દેશભરમાં ફેલાયેલા તેમજ થોડા ઘણા વિદેશોમાં રહેલા૩૧,૧૦૦ કરતા વધારે સર્વિસ સેન્ટર્સ મારફત સંચાલિત થઇ રહ્યા છે. NSDLના સહભાગીઓ અને તેના સર્વિસ સેન્ટર્સની યાદી NSDLની વેબસાઇટ www.nsdl.co.in પર ઉપલબ્ધ છે

### 4) NSDL ડિમેટ એકાઉન્ટ કેવી રીતે ખોલી શકાય?

ડિમેટ એકાઉન્ટ ખોલાવવું એકદમ સરળ છે. તમારે માત્ર એટલું જ કરવાનું છે કે તમે NSDL DP જાવ જે તમને સંપૂર્ણ કાર્યવાહી પૂર્ણ કરવામાં તમારી મદદ કરશે. તમારે તમારી ઓળખનો પુરાવો અને સરનામાંનો પુરાવો આપવાનો રહેશે. વધુમાં ડિમેટ એકાઉન્ટ ખોલાવવા માટેPAN નંબર ફરજિયાત છે. તે ઉપરાંત, તમારા માટે તમારા બેન્ક ખાતાની વિગત પણ ઉપલબ્ધ કરાવવી જરૂરી રહેશે.

તમારું ડિમેટ એકાઉન્ટ ખુલી જાય તે બાદ, તમારું DP તમને તમારું DP ID, ક્લાયન્ટ ID, અને તમારા ક્લાયન્ટ માસ્ટર રિપોર્ટની એક નકલ આપશે જેમાં તમારા ડિમેટ એકાઉન્ટને લગતી વિગતો, ટેરિફ શીટ અને લાભાર્થી માલિક અને ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સના અધિકારો અને તેમની ફરજો સામેલ હશે. તમારે ક્લાયન્ટ માસ્ટર રિપોર્ટની ખરાઇ કરી લેવી જોઇએ જેથી કરીને આ સુનિશ્ચિત થઇ શકે કે તમારી તમામ વિગતો સંપૂર્ણપણ સાચી રીતે નોંધાઇ છે. જો તમે શેર્સ વગેરેમાં ટ્રેડિંગ કરવા (જેમ કે ખરીદ કે વેચાણ) માંગતા હો તો, તમારે SEBI રજિસ્ટર્જ સ્ટોક બ્રોકર પાસે ટ્રેડિંગ/બ્રોકિંગ એકાઉન્ટ પણ ખોલાવવાનું રહેશે. રોકાણકારોના લાભાર્થે ઘણી બેન્ક DP છે જે 3-in-1 વ્યવસ્થા ઉપલબ્ધ કરાવે છે. (3-in-1 એ ડિમેટ એકાઉન્ટ, ટ્રેડિંગ એકાઉન્ટ અને બેન્ક એકાઉન્ટનું સંયોજન છે)

**5) તમે તમારા NSDL એકાઉન્ટથી શું કરી શકો છો?**

તમે તમારા NSDL ડિમેટ એકાઉન્ટથી કેટલીક મહત્વની વસ્તુઓકરી શકો છો તે અહીં નીચે જણાવવામાં આવી છે.

I) તમે તેની મારફત IPO અને NFO માટે અરજી કરી શકો છો. અરજી પત્રકમાં તમારા DP ID અને ક્લાયન્ટ IDનો ઉલ્લેખ કરવાનું ન ભુલશો. સમાન ડિમેટ એકાઉન્ટનો ઉપયોગ શેર્સ અને અન્ય પ્રકારની સિક્યોરિટીસની ખરીદી કરવા અને તેમને હોલ્ડ કરવા કરી શકો છો.

ii) તમને તમારા ડિમેટ એકાઉન્ટમાં આપમેળે તમામ કોર્પોરેટ ફાયદા (બોનસ, રાઇટ્સ ઇશ્યૂ વગેર) પ્રાપ્ત થશે. રોકડ લાભ જેવા કે કંપની દ્વારા જાહેર કરાયેલા ડિવિડન્ડ, તમારા બોન્ડ રોકાણ વગેરે પર ચુકવવા પ્રાપ્ત વ્યાજ અથવા તો પરિપક્વતા રકમ તમારા ડિમેટ એકાઉન્ટ સાથે લિન્ક કરાયેલા તમારા બેન્ક ખાતામાં જમા થઇ જશે. કૃપા કરીને સુનિશ્ચિત કરો કે તમે તમારા ડિમેટ એકાઉન્ટમાં તમારા બેન્ક એકાઉન્ટની સાચી વિગતો આપો.

iii) તમારા રોકાણને વેચ્યા વિના જ તમારી નાણાકીય જરૂરિયાતોને પૂરી કરવા માટે તમે, તમારા ડિમેટ એકાઉન્ટનો 'શેર્સ સામે લોન' પ્રાપ્ત કરવાની સુવિધાનો ઉપયોગ કરવા માટે પણ કરી શકો છો જે સવલત ઘણી બેન્કો ઓફર કરે છે.

i v ) તમે તમારા તમામ રોકાણને પેપર સ્વરૂપમાં રહેલા શેર્સ, બોન્ડ્સ, ડિબેન્ચર્સ, સરકારી સિક્યોરિટીસ, સોવરિન ગોલ્ડ બોન્ડ્ વગેરેમાં અને સ્ટેટમેન્ટ સ્વરૂપમાં રહેલા મ્યુચ્યુઅલ ફન્ડ યુનિટથી ડિમેટ સ્વરૂપમાં તમારા DP મારફત પરિવર્તિત કરી શકો છો.

v) તમે તમારા મ્યુચ્યુઅલ ફંજ ઇન્વેસ્ટમેન્ટને સમાન ડિમેટ એકાઉન્ટમાં રાખી શકો છો. ડિમેટ એકાઉન્ટમાં જ મ્યુચ્યુઅલ ફંડ હોલ્ડિંગ્સને રાખવાથી બાબતો તમારા માટે સરળ બને છે. તેનાથી તમે NSDLCAS મારફત એક જ સ્થળે તમારા પોર્ટફોલિયો પર નજર રાખવા જ સમર્થ નથી બનતા, બલકે જો તમે તમારી અંગત માહિતીમાં કોઇ સુધારો કરવા માગતા હોય, જેમ કે ઉદાહરણ તરીકે, સરનામું, બેન્કની વિગતો, નોમિની વગેરે, તો તને માટે તમારે વિવિધ મ્યુચ્યુઅલ ફંડ હાઉસ સાથે જોડાવાની જરૂર રહેતી નથી. તમે માત્ર તમારા DP ID અને ક્લાયન્ટ IDને અરજી પત્રકમાં જણાવીને તેને ડિમેટ સ્વરૂપમાં મ્યુચ્યુઅલ યુનિટ સાથે સબ્સ્ક્રાઇબ થઇ શકો છો. એટલું જ નહીં SIP મારફત મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ પણ ડિમેટ એકાઉન્ટ મારફત શક્ય છે. મ્યુચ્યુઅલ ફંડ યુનિટને વટાવવા માટે અથવા તો તેની ખરીદી માટે, તમે તમારા DP ને અથવા તો NSDL ની સ્પીડ-ઇ- સુવિધાને તેના માટેની સૂચના આપી શકો છો.

vi) તમે તમારા શેર્સને તમારા ડિમેટ એકાઉન્ટ મારફત કંપનીને સોંપીને બાયબેક ઓફરમાં પણ ભાગ લઇ શકો છો.

vii) તમારા ડિમેટ એકાઉન્ટને સંચાલિત કરવા માટે, તમારે તમારા DPને પ્રસ્તાવિત ફોર્મમાં સૂચના આપવાની જરૂર રહેશે.. વૈકલ્પિક રીતે, તમે NSDLની સ્પીડ-ઇ- સુવિધાનો પણ તમારા DPને ઇલેક્ટ્રોનિક રીતે ગમે ત્યાંથી, ગમે ત્યારે સૂચના આપવા માટે ઉપયોગ કરી શકો છો.

**ડિમેટ માટે ભૌતિક સિક્યુરિટીસ ઉપલબ્ધ છે કે નહીં તે શોધવા માટે કૃપા કરીને https://nsdl.co.in/master_search.php ની મુલાકાત લો.**

## B. NSDL ડિમેટ એકાઉન્ટ સાથે પ્રાપ્ત થતી સવલતો

**1. NSDL સ્પીડ-ઇ સર્વિસ**



સ્પીડ-ઇ (જે સ્પીડી તરીકે ઉચ્ચારાય છે)એ NSDL દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી ઇન્ટરનેટ આધારિત સુવિધા છે. તે ડિમેટ એકાઉન્ટ ધારકને ડિલિવરી, પ્રતિબદ્ધતા અને મ્યુચ્યુઅલ ફંડ રિડમ્પશન અને સંબંધિત સૂચનાઓ ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં આપવા સમર્થ બનાવે છે, આમ તે પ્રક્રિયાને ઝડપી, સુરક્ષિત અને કાર્યદક્ષ બનાવે છે. ડિમેટ એકાઉન્ટ ધારકના DP જો આ સેવા ઓફર કરતા હોય તો તેઓ આ સવલતનો લાભ મેળવી શકે છે.

**2. NSDL મોબાઇલ એપ:**

NSDLએ ગમે તે સમયે, ગમે ત્યાં મુલ્યાંકન અને ઇ-વોટિંગમાં સહભાગીતા સાથે હોલ્ડિંગનું તાજેતરનું સ્ટેટમેન્ટ જોવા માટે મોબાઇલ એપ તૈયાર કરી છે. તમે તેને ગુગલ પ્લે સ્ટોર અઅથવા એપ સ્ટોર ડાઉનલોડ કરી શકો છો અને તે તદ્દન મફત.



**3. IDeAS સેવા:**

IDeAS એક ઇન્ટરનેટ આધારિત સુવિધા છે જે ગમે તે સમયે, ગમે ત્યાં મુલ્યાંકન અને ઇ-વોટિંગમાં સહભાગીતા સાથે હોલ્ડિંગનું તાજેતરનું સ્ટેટમેન્ટ જોવા માટે છે. વધુમાં તે તમને e-CASમાં સબસ્ક્રાઇબ કરવા, તમે જ્યાં e-CAS પ્રાપ્ત કરવા માંગતા હોવ ત્યાં ઇ-મેઇલ ID ડિમેટ એકાઉન્ટમાં અપડેટ કરવા, છેલ્લા 12 મહિનાનું e-CAS ડાઉનલોડ કરવા સક્ષમ બનાવે છે. આ સુવિધા તદ્દન મફત છે.

**4. NSDL ઇ-વોટિંગ સર્વિસ**



NSDL ઇલેક્ટ્રોનિક વોટિંગ (ઇ-વોટિંગ) પ્લેટફોર્મ પ્રત્યેક શેર ધારકને મીટિંગના સ્થળે શારીરિક રીતે હાજર રહ્યા વિના જ ઓનલાઇન રીતે પોતાના મતદાનના અધિકારનો ઉપયોગ કરવા સમર્થ બનાવે છે. ઇ-વોટિંગ સેવાને સ્પીડ-ઇ તેમજ NSDL મોબાઇલ એપ સાથે એકીકૃત કરવામાં આવેલી છે.
વધારે માહિતી માટે, કૃપા કરીને http://www.evoting.nsdl.com/ ની મુલાકાત લો.

IndiaBondInfo
વિવિધ બોન્ડ અને ડિબેન્ચર્સની માહિતી એક જ સ્થળે
https://www.indiabondinfo.nsdl.com

### 5. NSDL કન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટ (CAS)

I) NSDL પ્રત્યેક ડિમેટ એકાઉન્ટ ધારકને તેમના તમામના ડિમેટ એકાઉન્ટ અને મ્યુચ્યુઅલ ફંડ રોકાણની વિગતો સ્ટેટમેન્ટ સ્વરૂપમાં એક કન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટ (CAS) મોકલે છે. આ હોલ્ડિંગ્સને પ્રથમ ધારકના PANના આધારેક સંકલિત કરાય છે.

II) આ સ્ટેટમેન્ટ દર મહિને મોકલવામાં આવે છે, જો મહિના દરમિયાન એકાઉન્ટમાં ટ્રાન્ઝેક્શન થયું હોય તો. જો તમે તમારા DPને તમારું ઇ-મેઇલ ID અને તમારી મંજૂરી આપી હોય તો, તમને ઇ-મેઇલ પર સ્ટેટમેન્ટ મોકલવામાં આવશે.


III) તમારા ડિમેટ એકાઉન્ટ્સ અને મ્યુચ્યુઅલ ફંડ ફોલિયોમાં રહેલા તમારા પ્રત્યેક રોકાણની મુદ્દત અને ક્લોઝિંગ બેલેન્સને ચકાસો.

IV) સ્ટેટમેન્ટ તમારા દરેક રોકાણની કિંમત, સંકલિત પોર્ટફોલિયો મૂલ્ય અને સમયગાળા દરમિયાન પોર્ટફોલિયોના મૂલ્યમાં થયેલા કુલ પરિવર્તનનો ગ્રાફ પણ દર્શાવે છે.

V) તે સાથે જ અન્ય વિગતો જેવી કે તમે તમારી KYCની વિગતો અપડેટ છે કે નહીં, ઇ-મેઇલ ID, અને તમારા મ્યુચ્યુઅલ ફંડ પોર્ટફોલિયોમાં તમે જણાવેલો મોબાઇલ નંબર વગેરે પણ દર્શાવે છે. જો તમને કોઇ વિસંગતિ દેખાય અથવા તો તમારે કોઇ પરિવર્તન કરવું હોય તો, તમે મ્યુચ્યુઅલ ફંડ કંપની અથવા તો તેના રજિસ્ટ્રારનો સંપર્ક કરી શકો છો.

VI) જો તમને સ્ટેટમેન્ટ પ્રાપ્ત ન થયું હોય તો તેવા સંજોગોમા અથવા તો જો તમને સ્ટેટમેન્ટમાં કોઇ વિસંગતિ જણાય તો, કૃપા કરીને તાત્કાલિક ધોરણે પોતાના DPનો સંપર્ક કરો.

VII) NSDLએ http://nsdlcas.nsdl.com/ પર એક ઓનલાઇન સુવિધા વિકસિત કરી છે, જેથી NSDLના ડિમેટ એકાઉન્ટ ધારકો NSDL પાસેથી ઇ-મેઇલ મારફત (e-CAS) CAS પ્રાપ્ત કરવા માટે NSDLને સીધું જ ઇ-મેઇલ ID ઉપલબ્ધ કરાવી શકે.



NSDL
Technology, Trust & Reach

## C.પ્રુડેન્ટ રોકાણકાર બનવું

**1)સુનિશ્ચિત કરો કે તમે પ્રુડેન્ટ રોકાણકાર છો.. એક પ્રુડેન્ટ રોકાણકાર....**

- **હંમેશા SEBI સાથે રજિસ્ટર્ડ સ્ટોક બ્રોકરની સાથે અથવા તો અધિકૃત વ્યક્તિ સાથે જ કેપિટલ માર્કેટમાં રોકાણ માટે વ્યવહાર કરે છે**
- હસ્તાક્ષર કરતાં પહેલાં તમામ દસ્તાવેજોને ધ્યાનપૂર્વક વાંચે છે.
- હસ્તાક્ષર કરાયેલા દસ્તાવેજો, એકાઉન્ટ સ્ટેટમેન્ટ્સ, પ્રાપ્ત થયેલી કોન્ટ્રાક્ટ નોટ્સ અને કરાયેલી ચુકવણીનો રેકોર્ડ રાખે છે.
- નિયત સમયાંતરે પોતાના નાણાંકીય લક્ષ્યાંકો અને પોર્ટફોલિયોની સમીક્ષા કરે છે.
- અસરકારક મોનિટરિંગ માટે પોતાનો મોબાઇલ નંબર અને ઇ-મેઇલ ID રજિસ્ટર કરાવે છે અને મોબાઇલ એપ, NSDL e-CAS, IDeAS જેવી NSDL ની સુવિધાઓનો હંમેશા ઉપયોગ કરે છે.
- મ્યુચ્યુઅલ ફંડને લગતી કોઇપણ સેવા માટે હંમેશા AMFI સાથે રજિસ્ટર્ડ એવા મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રીબ્યુટર્સ સાથે જ વ્યવહાર કરે છે.
- હંમેશા બેન્કિંગ ચેનલનો ઉપયોગ કરીને જ રોકાણ કરે છે. ઉદાહરણ તરીકે. રોકડમાં કોઇ વ્યવહાર નહીં

## 2. ડિમેટ એકાઉન્ટની સંભાળ લઇએ છીએ

તમે તમારા ડિમેટ એકાઉન્ટમાં મૂલ્યવાન રોકાણ ધરાવો છો. તેથી તમારા માટે કેટલીક ચોક્કસ પાયાની બાબતોની દરકાર લેવી જરૂરી છે જે અહીં નીચે આપેલી છે જેથી કરીને સુનિશ્ચિત કરી શકાય કે તમે NSDL ડિમેટ એકાઉન્ટની વિભિન્ન વિશેષતાઓનો ફાયદો મેળવો ત્યારે તમારું રોકાણ સુરક્ષિત રહે.

I) તમારી અંગત માહિતીમાં કોઇપણ પ્રકારના પરિવર્તન (ઉદાહણ તરીકે સરનામું) અથવા તમારા ડિમેટ એકાઉન્ટ સાથે લિન્ક બેન્ક એકાઉન્ટની વિહતોને પ્રસ્તાવિત પ્રારૂપમાં તમારા DPને તાત્કાલિક જાણકારી આપો અને અપડેટ સિસ્ટમ પાસેથી અનુમોદન મેળવો.

II) તમારા ડિમેટ એકાઉન્ટમાં નોમિનેશન સુવિધા પ્રાપ્ત કરો. તે એકાઉન્ટ ધારકના અવસાનના કેસમાં શેર્સની ટ્રાન્સફરની પ્રક્રિયાને સરળ બનાવે છે. તમે તમારા ડિમેટ એકાઉન્ટમાં 3 જેટલા નોમિની રાખી શકો છો. તમે જ્યારે પણ ઇચ્છો ત્યારે નોમિનીના નામને બદલી શકાય છે.

III) તમારા એકાઉન્ટને સંચાલિત કરવા માટે કોઇને પાવર ઓફ એટર્ની આપતા પહેલાં, સાવધાની પૂર્વક પ્રદાન કરાઇ રહેલા પાવરની સંભાવનાઓ અને તેના પરિણામોની છણાવટ કરો.

IV) તમારા DP પાસેથી ડિલિવરી ઇન્સ્ટ્રક્શન સ્લીપ(DIS) ને ત્યારે જ સ્વીકારો જો પ્રત્યેક સ્લિપ તમારા ક્લાયન્ટ ID અને સીરિયલ નંબરની સાથે પ્રી-પ્રિન્ટેડ હોય અને તેને સુરક્ષિત રીતે રાખો. ક્યારેય પણ કોઇ ખાલી ફોર્મ અથવા તો DIS પર હસ્તાક્ષર ન કરો. હંમેશા ફોર્મને સંપૂર્ણપણે ભર્યા બાદ જ તેની પર હસ્તાક્ષર કરવાનું યાદ રાખો.

V) NSDL પાસેથી સીધા જ નિયમિત રીતે અપડેટ મેળવવા માટે અને SMS મેળવવા માટે તમારા એકાઉન્ટ ઓપનિંગ ફોર્મ પર તમારો મોબાઇલ નંબર અને ઇ-મેઇલ ઇડી જણાવો. આ સુવિધા વિનામુલ્યે અપાય છે. જો તમે તમારો મોબાઇલ નંબર અથવા તો ઇ-મેઇલ ID બદલો તો, ત્વરિત રીતે તમારા DPને પ્રસ્તાવિત રૂપમાં તેની માહિતી આપો અને સિસ્ટમમાં અપડેટનું અનુમોદન મેળવો. તે બાબત સુનિશ્ચિત કરશે કે તમને NSDL તરફથી નિયમિત રીતે અપડેટ મળવાનું ચાલું રહેશે.

VI) NSDL પાસેથી તમારા રોકાણ અંગેનું સંકલિત સ્ટેટમેન્ટ સીધું જ પ્રાપ્ત કરવા માટે http://nsdlcas.nsdl.com/પર NSDL e-CAS સાથે સબ્સ્ક્રાઇબ કરો




VII) NSDLની વિવિધ પ્રોડક્ટ્સ/સેવાઓ અને ડિપોઝિટરી સિસ્ટમની અન્ય મહત્વપૂર્ણ ખાસિયતો વિશે તમને માહિતગાર રાખવા માટે NSDL માસિક ન્યૂઝલેટર 'ધ ફાઇનાન્સિયલ કેલિડોસ્કોપ' પ્રકાશિત કરે છે.

કૃપા કરીને https://nsdl.co.in/e-newsletter.php પર તમારા ઇ-મેઇલ IDને ઉપલબ્ધ કરાવીને તેની સાથે સબ્સ્ક્રાઇબ કરો.

આ ન્યૂઝલેટરના તમામ પૂર્વના ઇશ્યૂઓ તમે વાંચી શકો તે માટે http://nsdl.co.in/publication/nest.php પર ઉપલબ્ધ છે.

NSDL
Technology, Trust & Reach

## C.વધુ માહિતી

### 1. પ્રાપ્ત નહીં થયેલ ડિવિડન્ડ/શેર્સ માટે IEPF પાસેથી રિફન્ડ માટે દાવો કરવો

સતત સાત વર્ષ સુધી ચુકવાયેલ વિના રહેલ અથવા જેની પર દાવો ન કરાયો હોય તેવું તમામ ડિવિડન્ડ અને શેર્સને, સંબંધિત કંપની ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) ઓથોરિટીને ટ્રાન્સફર કરી દે છે. IEPF ઓથોરિટીએ કંપનીસ એક્ટ, ૨૦૧૩ હેઠળ રચાયેલ કાનૂની એકમ છે. રોકાણકાર અથવા તો તેમના/તેણીના અધિકૃત પ્રતિનિધિએ નહીં ચુકવાયેલા ડિવિડન્ડ અને/અથવા તો દાવો નહીં કરાયેલા શેર્સને પ્રાપ્ત કરવા માટે IEPF સમક્ષ દાવો જમા કરવાની જરૂર રહે છે. દાવેદારે તેના માટે IEPF-૫ ફોર્મ ડાઉનલોડ કરી, તેને ભરીને IEPF ઓથોરિટી સમક્ષ ઓનલાઇન રીતે જમા કરાવવાનું રહે છે. એટલું જ નહીં દાવા માટેનું ફોર્મ અને તેની ઓનલાઇન સ્વીકૃતીની નકલ પ્રીન્ટ કરી લેવાની રહેશે અને તેને સંબંધિત કંપની દ્વારા નિયુક્ત નોડલ અધિકારી સામે ભૌતિક રીતે જમા કરાવવાની રહેશે. અને તેની સાથે જ દાવાને સમર્થન આપતા જરૂરી સંબંધિત દસ્તાવેજો પણ જમા કરાવવાના રહેશે. દાવાની ખરાઇ બાદ, કંપની IEPF ઓથોરિટી સમક્ષ દાવાને અનુમોદિત કરે છે, જે તે બાદ દાવેદારને તેમના/તેણીના લિન્ક્ડ બેન્ક એકાઉન્ટ મારફત ઇલેક્ટ્રોનિક ટ્રાન્સફર મારફત રિફન્ડ આપવાની પ્રક્રિયા શરૂ કરે છે. જો શેર માટે દાવો કરાયો હોય તો તેવા કેસમાં, તે શેરને રોકાણકાર દ્વારા ક્લેઇમ ફોર્મમાં નિર્દિષ્ટ કરાયેલા ડિમેટ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. એક અરજદાર એક નાણાકીય વર્ષમાં દરેક કંપની માટે એક જ દાવા અરજી કરી શકે છે.

વધારે માહિતી માટે કૃપા કરીને http://www.iepf.gov.in ની મુલાકાત લો. આ જાણવું મહત્વપૂર્ણ છે કે દરેક કંપનીઓએ દાવો નહીં કરાયેલા શેર્સ અને ડિવિડન્ડની વિગતો અને માહિતી પોતાની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવી જરૂરી છે.

### 2. સિક્યોરિટી ટ્રાન્સફર કરવા માટે ડિમેટ ફરજિયાત છે

SEBI એ ૧, એપ્રિલ, ૨૦૧૯ના રોજથી અમલમાં આવે તે રીતે લિસ્ટેડ કંપનીઓની સિક્યોરિટીના ટ્રાન્સફરને ડિમેટ સ્વરૂપમાં ટ્રાન્સફર કરવાનું ફરજિયાત બનાવ્યું છે બીજા શબ્દોમાં કહીએ તો, જો તમે સૂચીબદ્ધ અથવા તો લિસ્ટેડ કંપનીઓના શેર્સને ભૌતિક સ્વરૂપ ધરાવતા હો તો, તમે પોતાના તે શેરને ૧ એપ્રીલ, ૨૦૧૯ બાદ ડિમેટ સ્વરૂપમાં પરિવર્તિત કરીને જ ટ્રાન્સફર કરી શકશો. આ તારીખથી માત્ર ટ્રાન્સમિશન (એટલે કે શેરધારકના અવસાનની સ્થિતિમાં શેર ટ્રાન્સફર) અને ટ્રાન્સપોઝિશન (શેરધારકના નામોના ક્રમમાં ફેરફાર)ને ભૌતિકરૂપમાં રહેલા હોય તે શેર માટે જ મંજૂરી અપાશે. તેથી ડિમેટ એકાઉન્ટ ખોલાવવું અને તમારા શેર્સને ડિમેટમાં શક્ય એટલી જલ્દી પરિવર્તિત કરાવી લેવા હિતકારી છે.

**3. અનલિસ્ટેડ પબ્લિક કંપનીઓ માટે ડિમેટ ફરજિયાત છે**

કોર્પોરેટને લગતી બાબતોના મંત્રાલય (MCA) દ્વારા ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જે જાહેરનામા અનુસાર અનલિસ્ટેડ પબ્લિક લિમિટેડ કંપનીઓ માટે ડિપોઝિટરી સિસ્ટમમાં જોડાવવું અને પોતાના શેરને ડિમેટ માટે ઉપલબ્ધ કરાવવા જરૂરી છે. વધુંમાં આ કંપનીઓ દ્વારા શેર્સની ફાળવણી માત્ર ડિમેટ સ્વરૂપમાં જ શક્ય બનશે. આ બંને જરૂરિયાતો ૨ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજથી અમલમાં છે. રોકાણકારના દૃષ્ટિકોણથી જોઇએ તો, હવે તેમના માટે પોતાના આવા અનલિસ્ટેડ કંપનીઓના હોલ્ડિંગ્સને ડિમેટ સ્વરૂપમાં પરિવર્તિત કરવા અને તેની સાથે જોડાયેલા ફાયદાનો લાભ મેળવવો શક્ય બનશે. અહીં ધ્યાન રાખવું જરૂરી છે કે જો તમે પહેલાંથી જ ડિમેટ એકાઉન્ટ ધરાવતા હો તો તમારે આ શેર્સના હોલ્ડિંગ માટે બીજુ ડિમેટ એકાઉન્ટ ખોલવાની જરૂર નથી.જો હોલ્ડિંગની પેટર્ન સમાન હોય તો પેપર સ્વરૂપમાં રહેલા તમારા રોકાણને સમાન ડિમેટ એકાઉન્ટમાં ડિમેટ સ્વરૂપમાં પરિવર્તિત કરી શકાય છે.

**4 રોકાણકાર જાગૃતિ કાર્યક્રમો**

NSDL સમગ્ર દેશમાં રોકાણકાર જાગૃતિ કાર્યક્રમો આયોજિત કરે છે. આવા કાર્યક્રમોનું સમયપત્રક http://nsdl.co.in/Investor-Awareness-Programmes.php પર ઉપલબ્ધ છે. જો તમે રોકાણકાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન તમારા શહેર, હાઉસિંગ સોસાયટી, કોલેજ, સંસ્થાન વગેરે સ્થળે કરવા માંગતા હો તો, અમને info@nsdl.co.inપર લખો.

**5 ફરિયાદ નિવારણ**

જો તમને તમારા ડિમેટ એકાઉન્ટને લગતી કોઇ ફરિયાદ અથવા સમસ્યા હોય તો, કૃપા કરીને અમને relations@nsdl.co.in પર લખો અથવા તો તમે તેની ફરિયાદ SEBIને ઓનલાઇન રીતે https://scores.gov.in/scores/Welcome.html પર કરી શકો છો.

**6. NSDLની ૧૦૦ ટકા પેટા કંપની એવી NDMLની અન્ય ઉપયોગી સેવાઓ**

I) NSR (નેશનલ સ્કિલ્સ રજિસ્ટ્રી): NSR એ વેબ આધારિત સિસ્ટમ છે જે ભારતની IT અને ITeS/BPO ઇન્ડસ્ટ્રીના વર્તમાન અને સંભવિત કર્મચારીઓની માહિતી રાખે છે. તે NASSCOMનું પગલું છે. વધારે માહિતી માટે કૃપા કરીને,https://nationalskillsregistry.com/ ની મુલાકાત લો.

II) KYC રજિસ્ટ્રેશન એજન્સીઃ રોકાણકારનાકેન્દ્રિયકૃત KYC રેકોર્ડ્સને અપલોડ અને ડાઉનલોડ કરે છે. વધારે માહિતી માટે કૃપા કરીને, https://kra.ndml.in/ ની મુલાકાત લો.

III) નેશનલ એકેડેમિક ડિપોઝિટરી (NAD): ડિજિટલાઇઝ કરેલા ઓથેન્ટિક પ્રમાણપત્રો વિદ્યાર્થીઓ, ખરાઇકર્તાઓ અને શૈક્ષણિક સંસ્થાનો માટે ઉપલબ્ધ છે. વધારે માહિતી માટે કૃપા કરીને https://nad.ndml.in/ની મુલાકાત લો.

IV) NIR એકાઉન્ટ (ઇ-ઇન્શ્યોરન્સ એકાઉન્ટ): NDML એ વીમા નિયામક એજન્સી ઇન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (IRDA) વતી એક ઇન્શ્યોરન્સ રિપોઝિટરી સ્થાપિત કરી છે. તે તમામ પ્રકારની વીમા પોલિસીઓને ઇલેક્ટ્રોનિક રૂપે એક સિંગર ઇ-ઇન્શ્યોરન્સ એકાઉન્ટ (e-IA) માં રાખવાની સુવિધા આપે છે અને વીમિત વ્યક્તિને તમામ વીમા પોલિસીઓ સુધી એકલ લોગઇન પર એક્સેસ કરવાની સુવિધા આપે છે. આ એકાઉન્ટને મફતમાં ખોલાવી શકાય છે. વધારે માહિતી માટે, કૃપા કરીનેhttps://www.nir.ndml.in/ ની મુલાકાત લો.

NATIONAL SECURITIES DEPOSITORY LIMITED

NSDL
Technology, Trust & Reach

# ફીડબેક ફોર્મ

(જો તમે રોકાણકાર જાગૃતિ કાર્યક્રમમાં ભાગ લઇ રહ્યા હો તો આ ફોર્મનો ઉપયોગ કરવો)

તારીખ: DD MM YYYY　　　　સ્થળ:

| કાર્યક્રમની વિગત | નબળું | સંતોષકારક | સારું | શ્રેષ્ઠ |
|---|---|---|---|---|
| વ્યવસ્થા કેટલી પસંદ આવી? | | | | |
| અપાયેલી સામગ્રીની ગુણવત્તા | | | | |
| **સત્ર ૧ માટે તાલીમ પ્રદાનકર્તા મૂલ્યાંકન: નામ:** | | | | |
| A. વિષયનું જ્ઞાન | | | | |
| B. કમ્યુનિકેશન અને પ્રેઝેન્ટેશન | | | | |
| C. શ્રોતાઓ સાથે સંવાદ | | | | |
| **સત્ર ૨ માટે તાલીમ પ્રદાનકર્તા મૂલ્યાંકન: નામ:** | | | | |
| A. વિષયનું જ્ઞાન | | | | |
| B. કમ્યુનિકેશન અને પ્રેઝેન્ટેશન | | | | |
| C. શ્રોતાઓ સાથે સંવાદ | | | | |

- **તમને આ રોકાણકાર જાગૃતિ કાર્યક્રમની જાણકારી કેવી રીતે મળી? કૃપા કરીને લાગું પડતા બોક્સમાં ટિક કરો**

☐ ઇ-મેઇલ ☐ SMS ☐ અખબાર ☐ અન્ય ........................................

- **આ કાર્યક્રમને વધારે સારો બનાવવા માટે તમારા સૂચનો**

--------------------------------------------------------------------------------
--------------------------------------------------------------------------------
--------------------------------------------------------------------------------
--------------------------------------------------------------------------------
--------------------------------------------------------------------------------
--------------------------------------------------------------------------------

- **જો તમે અમારું ન્યૂઝલેટર ધ ફાઇનાન્શિયલ કેલિડોસ્કોપ મેળવવા માંગતા હો તો કૃપા કરીને તમારું ઇ-મેઇલ ID જણાવો:** ........................................

**નામ:** ........................................ **મોબાઇલ નંબર:** ........................................

NATIONAL SECURITIES DEPOSITORY LIMITED | NSDL Technology, Trust & Reach

(કૃપા કરીને આ ફોર્મ ભરીને અમને સોંપો/મોકલી આપો)

1) શું તમે ડિમેટ એકાઉન્ટ ધરાવો છો?

☐ હા ☐ ના

2) જો ના, તો શું તમે ડિમેટ એકાઉન્ટ ખોલાવવા માંગો છો?

☐ હા ☐ ના

3) જો હા, તો શું અમારા DP ડિમેટ એકાઉન્ટ ખોલાવવા માટે તમારો સંપર્ક કરે તે આપને ગમશે?

☐ હા ☐ ના

4) શું તમને જાણકારી છે કે તમે તમારા મ્યુચ્યુઅલ ફંડ્સ યુનિટને ડિમેટ સ્વરૂપમાં પરિવર્તિત કરી શકો છો?

☐ હા ☐ ના

5) શું તમને ખબર છે કે તમે સીધા જ તમારા ડિમેટ એકાઉન્ટમાંથી મ્યુચ્યુઅલ ફંડ્સ ખરીદી શકો છો?

☐ હા ☐ ના

6) શું તમને ખબર છે કે તમે સીધા જ તમારા ડિમેટ એકાઉન્ટમાંથી મ્યુચ્યુઅલ ફંડ્સ ખરીદી શકો છો?

☐ હા ☐ ના

## NSDL ની રોકાણકારો કેન્દ્રિત પ્રોડ્ક્ટ્સ અને સેવાઓ

### 1) IDeAS

રોકાણકારો પોતાના અપડેટ હોલ્ડિંગ્સ અને વેલ્યુએશનને ઓનલાઇન જોઇ શકે તે માટેની સુવિધા QR કોડ સ્કેન કરો અથવા તો નીચે આપેલી લિન્કની મુલાકાત લો

https://eservices.nsdl.com/

### 2) NSDL મોબાઇલ એપ

ગમે ત્યારે, ગમે તે સમયે હોલ્ડિંગ સ્ટેટમેન્ટ જોવા માટે મોબાઇલ એપ.. એપ ડાઉનલોડ કરવા માટે QR કોડ સ્કેન કરો.

ગૂગલ પ્લે સ્ટોર અને એપલ એપ સ્ટોર પર ઉપલબ્ધ છે

**પ્લે સ્ટોર માટે**

https://play.google.com/store/apps/details?id=com.msf.NSDL.Android

**એપ સ્ટોર**

https://itunes.apple.com/in/app/nsdl/id922834763?mt=8

### 3) નેશનલ ઇન્શ્યોરન્સ રિપોઝિટરી (NIR)

તમામ વીમા પોલિસીઓના હોલ્ડિંગ માટે મફત ઇ-ઇન્શ્યોરન્સ એકાઉન્ટ.

એટલે કે જીવન વીમા પોલિસી તેમજ બિન જીવન વીમા પોલિસીને એક જ સ્થળે રાખવા માટે

https://nironline.ndml.in/NIR/onlineEiaApplicationFormEkyc.html

### 5) નેશનલ એકેડેમિક ડિપોઝિટરી (NAD)

એકેડેમિક પ્રમાણપત્રો જોવા માટે મફત ઓનલાઇન વિદ્યાર્થી એકાઉન્ટ

આજે જ વિના મૂલ્યે NAD એકાઉન્ટ ખોલાવો!

QR કોડ સ્કેન કરો અથવા નીચેની લિન્કની મુલાકાત લો

https://nad.ndml.in/NAD/newStudentRegistrationScreen.html

**નોંધ**

NSDL
Technology, Trust & Reach

## હેડ ઓફિસ

### મુંબઇ

૪થો માળ, એ વિંગ, ટ્રેડ વર્લ્ડ, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોવર પરેલ મુંબઈ – ૪૦૦૦૧૩ ટેલિફોન નંબર. (૦૨૨) ૨૪૯૯ ૪૨૦૦ ઇ-મેઇલ: info@nsdl.co.in

## બ્રાન્ચ ઓફિસ

### અમદાવાદ

૪૦૨, ૪થો માળ, હેરિટેજ હોરિઝોન, સી.જી રોડ પાછળ. નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦૦૦૯
ટેલિફોન નંબર. (૦૭૯) ૨૬૪૬ ૧૩૭૫

### બેંગલુરુ

ઓફિસ નંબર ૧૦૬, DBS હાઉસ, ૨૬, કનિંઘમ રોડ, બેંગલુરુ – ૫૬૦૦૫૨.
ટેલિફોન નંબર. (૦૮૦) ૪૦૪૦૭૧૦૬

### ચેન્નઈ

૬A, ૬ઠ્ઠો માળ, કેન્સિસ ટાવર,# રામક્રિષ્ણ સ્ટ્રીટ, નોર્થ ઉસ્માન રોડ, ટી.નગર, ચેન્નઈ – ૬૦૦૦૧૭
ટેલિફોન નંબર. (૦૪૪) ૨૮૧૪૩૯૧૧, (૦૪૪) ૨૮૧૪ ૩૯૧૭

### હૈદરાબાદ

ઓફિસ નંબર. ૧૨૩, હૈદરાબાદ રિગસ મિડ-ટાઉન, ૧લો માળ, મિડ ટાઉન પ્લાઝા, રોડ નંબર-૧, બાજારા હિલ્સ, હૈદરાબાદ – ૫૦૦૦૩૩. ટેલિફોન નંબર. (૦૪૦) ૪૪૩૩ ૪૧૭૮

### કોચિ

સ્યુટ નંબર. S-105, મોનલાશ બિઝનેસ સેન્ટર,૪થો માળ, ક્રિસેન્સ ટાવર, એનએચ ૪૭, ચંગમપુઝા નગર પોસ્ટ કોચિ – ૬૮૨૦૩૩. ટેલિફોન નંબર. (૦૪૮૪) ૨૯૩૩૦૭૫

### કોલકાતા

યુનિટ 2E, ૨જો માળ, ધ મિલેનિયમ, ૨૩૫/૧A, એ.જે.સી. બોસ રોડ, કોલકાતા – ૭૦૦૦૨૦
ટેલિફોન નંબર. (૦૩૩) ૨૨૯૦ ૪૨૪૩/ (૦૩૩) ૨૨૯૦ ૪૨૪૬

### નવી દિલ્હી

યુનિટ નંબર। ૬૦૧,૬૦૩,૬૦૪, ૬ઠ્ઠો માળ, ટાવર-એ, નૌરંગ હાઉસ. કસ્તુરબા ગાંધી માર્ગ, કૉનોટ પ્લેસ, નવી દિલ્હી – ૧૧૦૦૦૧, ટેલિફોન નંબરઃ (૦૧૧) ૨૩૩૫ ૩૮૧૪/ (૦૧૧) ૨૩૩૫ ૩૮૧૫

---

### ઇન્વેસ્ટર રિલેશનશિપ સેલ

ઇ-ઇમેલ: relations@nsdl.co.in

November - 2019

ઇન્વેસ્ટર હેલ્પલાઇન (ટોલ ફ્રી): 1800 222 990
www.nsdl.co.in